

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ટેસ્ટીંગ પર મૂકો કાપ કેસ-સંખ્યા ઘટાડી દ્યો!*
*દાખલ દર્દી કરો 'ઉતાવળે' સાજા, મટાડી દ્યો!*
*બતાવી દો, 'ભ્રામક' વિજય થયો કોરોના પર -*
*'અછત નથી' - આશ્વાસનનું પ્રાસન ચટાડી દ્યો!*
*(સરકારના કુશળ 'આયોજનથી' આવ્યો કોરોના પર કાબૂ)*

હાઈકુ

*બનાવી નાખો*
*બંગાળ રાજપાલ!*
*અમિતજીને -*
*(પકડી રાખશે ચોટલો! દિલ્હી જેમ)*

*રહ્યા ન શાંત*
*કાઢી નાખ્યો ઉભરો!*
*પ્રશાંતે પણ...*
*(જતાં જતાં છક્કો)*

### ચિંતન

***નાયમાત્મા પ્રવચનેનં લભ્યો ન મેઘયા ન બહુના શ્રુતેન ।***
***વૈષ વૃણુતેન લભ્યસ્તસ્યૈષ આત્મા વૃણુતે તનૂં સ્વામ્ ॥***

**ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**આત્મતત્વની પ્રાપ્તિ વેદના અધ્યયનથી લઈ શકતી નથી. એવી રીતે માત્ર ધારણ શક્તિથી કે અધિક શ્રવણ કરવાથી જે તે પ્રાપ્ત થતી નથી. સાધક જે આત્માનું વરણ કરે છે. તે જ આત્માથી આત્વ તત્ત્વને પ્રાપ્ત કરી શકાય છે. અને એના પ્રતિ જ આત્મા પોતાના વાસ્તવિક સ્વરુપને પ્રગટ કરે છે.**

**માત્ર વેદોના પાઠ કરવાથી આત્માની પ્રાપ્તિ થતી નથી, ગ્રંથોના ઉપદેશને ધારણ કરવાની શક્તિ વડે પણ આત્મા પ્રાપ્ત થઈ શકતો નથી. પણ જે અધિકારી અભેદ સ્વરુપે નિત્ય એ આત્માનું ચિંતન કરે છે તેવો અધિકારી જ તેના સ્વરુપને પ્રાપ્ત થઈ શકે છે. કહેવાનું તાત્પર્ય છે કે જે અધિકારી આત્માને સાક્ષાત્ કરવાનો યત્ન કરે છે, તેને માટે એ આત્મા સ્વયં જ પોતાના સ્વરુપને આપોઆપ પ્રકાશિત કરે છે.**

### સુવિચાર

- ઈશ્વર છપ્પર ફાડીને આપવાનો હોય છતાં જે છાપરાના સમારકામમાં ખર્ચની ચિંતા કરે છે એ જ છે ખરો નિરાશાવાદી - **જીવનપાથેય**
- જીવનમાં આવતી નિરાશા એ સ્પીડબ્રેકર જેવી છે તેના ઉપર લાંબો સમય ઉભા રહેવાનું ન હોય - **જન્મભૂમિ**
- કતાર લાગી હતી... 'ચલણ' બદલવા માટે... પણ કોઈ નથી તૈયાર પોતાના 'વલણ' બદલવા માટે - **એસ. ભટ્ટાચાર્ય**
- સોચને વાલોં કી દુનિયા... દુનિયા વાલોં કી સોચ સે અલગ હોતી હૈ - **બિન્દુ શર્મા**
- દરેક દલીલની સામે જીતી શકાતું નથી, આથી મતભેદ સ્વીકારી લેવા સલાહભર્યું છે - **ડેવિડ વિટ્ટલ**
- માનવને દાનનો ઉપદેશ આપવો પડે, દયાનો નહીં, માનવ સ્વયં દયાવાન હોય જ છતાં જો દયાનો ઉપદેશ આપવો પડે તો સમજવું કે માનવ દાનવની કક્ષાએ આવી ગયો છે - **જીવન અર્ક**
- આજનું ઔષધ : લવીંગના તેલનું હાથ-પગ પર માલિશ કરી સુઈ જવાથી શારીરિક તથા માનસિક થાક ઊતરી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ક્રોસ બનાવવાવાળાની દુકાને એક ગ્રાહક આવ્યો. તે ખભા ઉપર એક ક્રોસ લઈને આવ્યો હતો. દિવાલ સરસો મૂકી તેણે દુકાનદાર સાથે વાત કરીને કહ્યું, 'મહાશય, આ ક્રોસ અગાઉ હું આપની પાસેથી લઈ ગયો હતો. એ હું બદલાવા આવ્યો છું. કારણ કે એ ખૂબ વજનદાર છે. જે મને થકવી નાખે છે. મને વજનમાં કોઈ હળવો ક્રોસ બતાવો.' દુકાનદારે કહ્યું, 'કંઈ વાંધો નહિ. આ દુકાનમાં બીજા ઘણા બધા ક્રોસ પડ્યા છે તમને કયો માફક આવે છે તે જોઈને તપાસી ને લઈ જાઓ.' ગ્રાહકે એક ક્રોસ પસંદ કરી ખભે ઉપાડી જોયો. શરુઆતમાં તો એ હલકો લાગ્યો પણ ખભે ઉપાડીને પચ્ચીસ મીટરનું અંતર કાપતા એને ક્રોસ ભારે લાગવા માંડ્યો. એણે એ મૂકીને બીજો અજમાવ્યો. એમાં પણ એવું જ થયું. પછી તો દુકાનમાં પડેલાં દસ-બાર ક્રોસ ઉપાડી પ્રયત્ન કર્યો. છેવટે એને ફાવે એવો ઓછા વજનવાળો ક્રોસ જડી ગયો. એને સહેલાઈથી ખભે ઊંચકીને દુકાનદાર પાસે આવ્યો અને કહ્યું, 'આ ક્રોસ મારા માટે બરાબર છે. શું હું એને બદલીમાં લઈ જઈ શકું?' દુકાનદારે કહ્યું, 'જરૂર' લઈ જાઓ, બલકે એમાં તમને પૂછવાની પણ જરૂર નથી કારણ કે આ તો એ જ ક્રોસ છે જે તમે લઈને અહીંયા આવ્યા હતા.'

# રાજકારણીની નઘરોળ વર્તણૂક

### તંત્રીસ્થાનેથી...

દેશ આખો મોતના તાંડવ વચ્ચે ઘેરાઈ ગયો છે. પણ રાજકારણીઓ એમની કારકિર્દી જોખમાય નહીં એવા ભયથી પાર્ટીના આદેશોના અમલીકરણમાં પડ્યા છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ચૂંટણી દરમિયાન અને ચૂંટણીનાં પરિણામો આવી ગયા પછી તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓ દ્વારા હિંસાના બનાવો બન્યા છે અને એમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ નિશાન બન્યા છે. એને રાષ્ટ્રીય મુદ્દો બનાવી દઈ દેશભરમાં ધરણાંના કાર્યક્રમો યોજવાનો પાર્ટીની કેન્દ્રીય નેતાગીરીએ આદેશ કર્યો હતો જેના અમલીકરણ માટે કોરોના સંકટ દરમિયાન રાજય સરકાર દ્વારા ધાર્મિક, સામાજિક કે રાજકીય મેળાવડાઓ પર પાબંદી લગાવાયા છતાં સંગઠનના નેતાઓ ધરાર ધરણાં યોજી ઠેર ઠેર ખુદ પોતાની જ સરકારના વહીવટી આદેશની ફજેતી કરતા જોવા મળ્યા. શું આવી શિસ્તબદ્ધતા અને આજ્ઞાંકિતતા આ તબક્કે જરૂરી હતી? પરંતુ રાજકીય પાર્ટીનો આદેશ એના કાર્યકર્તાઓ માટે બ્રહ્મવાક્ય સમાન છે એટલે સરકારી આદેશને અવગણને પણ ગુજરાત ભાજપના આગેવાનોએ ઠેર ઠેર ધરાર આવાં ધરણા યોજી પાર્ટીના આદેશની સર્વોપરિતા સ્વીકારી છે. આથી પ્રજામાં આવા રાજકારણીઓના જડ અને નઘરોળ વ્યવહાર પ્રત્યે નફરત પેદા થાય એ સ્વાભાવિક છે. કેટલાંક અખબારોએ એને ભાજપનું 'બુદ્ધિ પ્રદર્શન' કહી વખોડી કાઢેલ છે.

લોકો માટે અત્યારે કોંગ્રેસ, ભાજપ, તૃણમૂલ કોંગ્રેસ કે બીજી બીજી કોઈ પાર્ટી અગત્યની નથી. એમણે તો ડાચકાં ખાઈ રહેલા સ્વજનો માટે ઓક્સિજન જોઈએ છે; વેન્ટિલેટર અને બેડ ખપે છે; સતત જેની તાણ વરતાતી રહી છે એવાં રેમડેસિવિર ઈંજેકશનો જોઈએ છે. એ બધું ઉપલબ્ધ કરાવવા રાજય સરકાર એનાથી બનતા તમામ પ્રયાસ કરી રહી છે. રસીકરણના કાર્યક્રમમાં આવેલ મંદતા મુદ્દે સરકાર ચિંતિત છે. એ ઠેકઠેકાણે કોવિડ હોસ્પિટલો અને ઊભાં કરી મોતના તાંડવ સામે ઝઝૂમી રહી છે. આવા સમયે પાર્ટીનું સંગઠન જ પાર્ટીના સરકારના પ્રયાસોમાં પૂરક બનવાને બદલે હાઈકમાન્ડના આદેશોના અમલીકરણ માટે રસ્તા પર ઊતરે એ તો 'વદતોવ્યાઘાત' જ ગણાય. પાર્ટી સંગઠનના નેતાઓ પોતાને સરકાર કરતાં ઉપર ગણીને ચાલવા કોશિશ કરતા રહ્યા છે અને સરકાર નીચી મૂંડીએ એમના અહંકારને પોષી રહી છે. પ્રજા માટે આવા તાયફા તો દેખીતી રીતે હૃદયવિદારક જ બની રહે છે. બંગાળમાં બનેલી જઘન્ય ઘટના માટે ગુજરાતમાં ધરણાં કરવા એ પાર્ટી માટે ઔચિત્યપૂર્ણ કાર્યક્રમ હોઈ શકે પણ ગુજરાતની કોરોનાગ્રસ્ત પ્રજા માટે તો મશ્કરી સમાન જ છે. ધારાસભ્યો અને સાંસદોને ફાળવાતી રકમ કોરોના ફંડ તરીકે વપરાવી જોઈએ એને બદલે ચૂંટણી જીતવી એ જ ટોપ પ્રાયોરિટી હોય એ રીતે પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાના પૈસા વેડફતા ફરે છે. ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નેતૃત્વ સામે સવાલો ઊઠી રહ્યા છે જે રીતે ચૂંટણીઓ, રેલીઓ, મેળાવડા અને કુંભમેળા જેવા ધાર્મિક ઉપક્રમો પાછળ ધ્યાન કેન્દ્રિય કરાયું એથી ખુદ શાસકોએ જ પ્રજાને કોરોનાની ભઠ્ઠીમાં ધકેલી દીધી એવો અભિપ્રાય સર્જાયો છે. આવી કસોટી વખતે નિષ્ણાતોની સલાહનો અમલ કરવાને બદલે સરકાર પોતાની આર્થિક અને રાજકીય ગણતરીઓ મુજબ ચાલે છે. નિષ્ણાંતો સંપૂર્ણ લોકડાઉનની ભલામણ કરી રહ્યા છે ત્યારે વિપક્ષી રાજય સરકારોએ તો એનો અમલ કરી દીધો છે પણ કેન્દ્રના જ આદેશ મુજબ ચાલતી રાજય સરકારો દયામણી બની આંશિક પ્રતિબિંધોથી આગળ વધી શકતી નથી. આ પણ આપણી લોકશાહીની વિડંબના અને વામણી નેતાગીરીની લોકવિરોધી વર્તણૂક જ લેખાશે.

# CRP, D-Dimerના ટેસ્ટથી કોરોનાનું મેનેજમેન્ટ થઈ શકે?

## CRP, D-Dimer, Ferritin, IL-6, આ ટેસ્ટ કોરોના માટે જ છે? : પ્લાઝમા થેરાપી કોરોના દર્દીના જીવ બચાવી શકે છે?



### તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાભાઈ વહેલા આવી ગયા હતા. ખૂબ જ ગુસ્સામાં હતા. નામ પ્રમાણે આજે ગાંડા થઈ ગયા હતા. અને ગમે તેમ બોલવાનું શરૂ કર્યું. ગાંડાભાઈ એકલા-એકલા બોલવાનું શરૂ કર્યું. અરે, યાર કાંઈ ખબર જ નથી પડતી. ડૉકટરો કોરોના માટે CBC, D-Dimer, CRP, Ferritin, નામના ટેસ્ટ લખી આપે છે. પણ સારા લેબોરેટરીમાં જુદા જુદા રીપોર્ટ આવે છે. કોનું સાચું માનવું? કંઈ લેબોરેટરી પર વિશ્વાસ કરવો? CRPની નોર્મલ Value-5 mglL છે. એક લેબોરેટરીમાં રિપોર્ટ આવે છે. 4.8 mglL બીજી લેબવાળો આપે 20 mglL, ત્રીજી લેબવાળો આપે છે 60 mglL એવી રીતે D-Dimer એક લેબોરેટરીવાળો રિપોર્ટ આપે છે 700 ngl fuelml બીજી લેબવાળો આપે છે 7000. તો કયાં રિપોર્ટ સાચા માનવા? એવી રીતે IL-6 ની નોર્મલ વેલ્યું છે 7 pglml છે. લેબમાં P રિઝલ્ટમાં પણ તફાવત આવે છે. જુદાં જુદાં કોવિડ હોસ્પિટલના સરકારના આદેશ મુજબ કામ કરે છે.

જે દર્દીને કોરોના થયો હોય જેને CT Value ૨૦ની અંદર હોય. CT Scan ના રિપોર્ટનો સ્કોલ ૧૫ અથવા ૧૫થી વધારે હોય તેવા દર્દીઓને પ્લાઝમા થેરાપી આપી દેવી જોઈએ. જો કે રેમડેસેવીર ઈન્જેકશન વિશે ઘણા જુદા જુદા અભિપ્રાય છે. રેમડેસેવીરએ કોરોનાની અકસીર દવા તો નથી. રેમડેસેવીરનો રોલ માટે પણ જુદાં જુદાં અભિપ્રાય છે. તેનાથી વાયરસનો લોડ ઘટી શકે છે. એવું ઘણા માને છે એવી રીતે જેને કોરોના થઈ ગયો હોય અને કોરના થઈ ગયેલા દર્દીમાં એન્ટી બોડીનું Titre જ થી વધારે હોય તેવા જ ડૉનરનું પ્લાઝમા કોરોનાના દર્દીને મદદ પહોંચાડી શકે છે. એટલે કે ખબર છે કે આ ડૉનરના પ્લાઝમા એન્ટીબોડી છે તેથી તેનું પ્લાઝમા દર્દીને મદદ કરી શકે. મદદ કઈ રીતે થાય? જે એન્ટીબોડી પ્લાઝમા હોય તે એન્ટી બોડી દર્દીમાં રહેલા કોરોના વાયરસ સાથે યુદ્ધ કરીને કોરોના વાયરસને મારે છે. તેથી સારી બ્લડ બેંકમાંથી બધા જ ટેસ્ટ કરી શકે. જો કે આની અંદર પણ દરેક ડૉકટરના જુદા જુદા અભિપ્રાય છે.

એમાં પણ જુદા જુદા મત ચાલી રહ્યા છે. એમાનો એક પ્લાઝમા થેરાપી છે. જો D-Dimer વધારે હોય તો સ્ટીરોઈડ અથવા તો લોહી પાતળું થવાની દવા આપવી કે નહીં, જો D-Dimer નો રિપોર્ટ વધારે હોય તો લોહી પાતળુ થવાની દવા આપવી પડે જો સાચી લેબમાં ટેસ્ટ ન કરાવ્યો હોય અને D-Dimer વધારે હોય તો લોહી પાતળું થવાની દવા આપવી પડે અને જો દવા ના આપે તો અને D-Dimer વધારે હોય તો હાર્ટ એટેક આવાની શક્યતા છે. તો કંઈ લેબમાં ટેસ્ટ કરાવવો જોઈએ? એટલામાં જ ડાહ્યાલાલ આવી ગયા. ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ તમારી વાત સાચી છે. આવા તફાવત લેબના રિપોરટમાં આવતા હોય છે. પણ કઈ લેબમાં ટેસ્ટ કરાવવો? ડાહ્યાલાલે કહ્યું જે લેબોરેટરી NABL હોય જે લોકો પ્રમાણિકતાથી કામ કરતા હોય. જે લેબમાં રોજ કંટ્રોલ થતા હોય તેવી જ લેબમાં ટેસ્ટ કરાવવો જોઈએ. કંટ્રોલ અને કેલીબ્રેશનની ખબર ખાલી લેબવાળાને જ હોય છે. જયાં મશીનો સારા હોય. જયાં ઓટોમેશન હોય તેવી જ લેબમાં ટેસ્ટ કરાવવા જોઈએ. અને અગત્યની વસ્તુ જે લેબમાં તમને વિશ્વાસ હોય એવી જ લેબમાં ટેસ્ટ કરાવવો જોઈએ. અને અગત્યની વસ્તુ જે લેબમાં NABL હોય તેવી જ લેબમાં ટેસ્ટ કરાવવો જોઈએ.




# કવિવર રવીન્દ્રનાથનું આપણી માતૃભાષામાં અવતરણ



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

આમ તો કલકત્તા – બંગાળ સાથેનો ઝવેરચંદ મેઘાણીનો નાતો મે-૧૯૧૮થી બંધાયો હતો. મોટાભાઇ લાલચંદભાઇની બીમારીને કારણે મેઘાણીને ઓચિંતુ કલકત્તા જવાનું થયું. એમ.એ.નો અભયાસ ચાલુ હતો જે અધુરો રહ્યો. મોટાભાઈની જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની વેચાણ કરતી દુકાન તેમણે સંભાળવાની રહેતી હતી. કલકત્તામાંજ ત્યાબાદ તેઓ ચોરવાડ (જૂનાગઢ જિલ્લો)ના વતની શેઠ જીવણલાલના વાસણો બનાવતા કારખાનામાં જોડાયા. કારખાનાનો કારોબાર મોટો હતો. ૫૦૦ જેટલા કામદારો ત્યાં કામ કરતા હતા. મેઘાણી પોતાના મળતાવડા તેમજ સૌમ્ય સ્વભાવના કારણે ''પઘડી બાબુ'' તરીકે ઓળખાતા હતા. સૌરાષ્ટ્રની પાઘડીને આ બંગાળી ઓળખ મળી હતી. (મેઘાણી ગાથા : પ્રકાશક : ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન)

કલકત્તા ખાતેનું મેઘાણીભાઇનું આ રોકાણ કદાચ કુદરતનો કોઇ મોટો સંકેત હતો. ભવિષ્યમાં ગુરુદેવ તથા મેઘાણી તો નીકટના પરિચયમાં આવ્યાજ, પરંતુ કવિગુરુ ટાગોરની ઉત્તમ રચનાઓ આપણને આપણી માતૃભાષામાં મળી. કવિગુરુનો જન્મદિવસ ૭ મે (૧૮૬૧) આવે ત્યારે આ બંગાળી – ગુજરાતી સાહિત્યનું અનુસંધાન મનમાં ઊંડી પ્રસન્નતાનો અનુભવ અચૂક કરાવે છે.

૧૯૩૩માં કવિવર રવીન્દ્રનાથ ટાગોર મુંબઇ આવેલા હતા. કવિવરના સાથી તથા ખ્યાતનામ ચિત્રકાર નંદલાલ બોઝે કવિગુરુને ભલામણ કરેલી કે તેમણે મેઘાણીને મળવું. આથી મુંબઇની આ મુલાકાત દરમિયાન બન્ને મહાનુભાવોનું મિલન થયું. સર દોરાબજી તાતાના બંગલે આ મુલાકાત થઇ હતી. ત્રીસ મીનીટનો સમય કવિગુરુ ટાગોરે ફાળવ્યો હતો. ગુજરાતના લોકસાહિત્ય તેમજ વિવિધ રસોથી ભરપૂર લોકગીતો સાંભળીને ટાગોર અતિ પ્રસન્ન થયા. મુલાકાતના નક્કી થયેલા સમય કરતાં ઘણો વધારે સમય પસાર થયો. મેઘાણી પછી કવયિત્રી સરોજિની નાયડુને ગુરુદેવે મળવાનો સમય આપ્યો હતો, પરંતુ સાહિત્યના બન્ને મર્મીઓ વચ્ચેનો સંવાદ સાંભળી સરોજિની પરિસ્થિતિને પામી ગયા. તેમણે કહ્યું : ''આવી રસભરી ગોઠડીમાં ભંગ પાડતા મારો જીવ નથી ચાલતો. મારો સમય હું મેઘાણીને ફાળવું છું.'' મેઘાણીભાઇએ ''ના છડિયા હથિયાર'' ગાયું ત્યારે ટાગોર તથા નંદલાલ બોઝ બન્ને ઝૂમી ઊઠ્યા. ત્યારબાદ બન્નેએ કહ્યું કે અમારે ત્યાં આવું નથી.'' મુલાકાત પૂરી થવાના સમયે ટાગોરે મેઘાણીભાઇને કહ્યું : ''કાઠિયાવાડ ફરી આવવા દિલ તો બહુ છે, પણ હવે તો કોણ જાણે.. પરંતુ તું જ શાંતિનિકેતન આવ. આપણે બેઉ ગુજરાતી તથા બંગાળી લોકગીતોની મેળવણી કરીશું તથા ચૂંટીને અંગ્રેજી અનુવાદ સાથે પ્રગટ કરીશું. જરૂર આવ.લ્લ ૧૯૩૩ના કવિવરના આ અંતરના આવકારને આઠ વર્ષનો સમય વીતી ગયો. મેઘાણી જઇ શક્યા નહિ. ૧૯૪૧માં શાંતિનિકેતનના વિદ્યાર્થી સમ્મેલનમાં ગુજરાતના લોકસાહિત્ય પર પ્રવચન આપવા મેઘાણીને નિમંત્રણ મળ્યું. ટાગોરને બંગાળ આવવાના આપેલા વચનના કરજદાર મેઘાણી શાંતિનિકેતન જવા તૈયાર થયા. આપણી માતૃભાષાના અમૂલ્ય આભરણ સમાન લોકસાહિત્યને આંતરપ્રાંતીય મંચ પર લઇ જવાની અભિલાષા તેમના અંતરમાં હતી. માર્ચ-૧૯૪૧માં શાંતિનિકેતનની ઐતિહાસિક ધરતી પર તેમજ કવિગુરુના પ્રભાવ ક્ષેત્રમાં મેઘાણીએ અંગ્રેજીમાં ચાર વ્યાખ્યાનો આપ્યા. જે મુખ્યત્વે લોકસાહિત્ય તેમજ ચારણી સાહિત્યને સંબંધિત હતા. મેઘાણી શાંતિનિકેતનમાં કહે છે કે ગુજરાતના નવઘડતરમાં જે થોડા પરિબળો કામ કરે છે તેમાં એક લોકસાહિત્ય છે. લોકસાહિત્યે ''ઇતિહાસના દફતરે ન સચવાઇ શકેલી એવી કેટલીક વાતો લોકસાહિત્યે જનેતાની જેમ ચીંથરીઓમાં સાચવી રાખી છે.'' કોઇ સાંકડા પ્રાદેશિક ગર્વથી નહિ પરંતુ વિશ્વસાહિત્યના ફલક પર આ લોકસાહિત્યના ઉજળા અસ્તિત્વ તેમજ ક્રમશઃ વિકાસની તેમણે ઉત્તમ વાતો રજૂ કરી. દેશ – વિદેશના અધ્યાપકો – વિદ્યાર્થીઓ મેઘાણીના બુલંદ કંઠે કહેવાતી વાતો પર મુગ્ધ થયા. શાંતિનિકેતનના અધ્યાપકો – વિદ્યાર્થીઓ આ કાઠિયાવાડી કવિની પાછળ મુગ્ધ થયા. મેઘાણીનું બહુમાન કરવામાં આવ્યું.

બંગાળી ભાષાની કવિવરની માણવી ગમે તેવી અનેક રચનાઓ ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતીમાં ઉતારી. અનુવાદના ક્ષેત્રમાં જાણકારોના મતે તેમજ મેઘાણીના સ્વયં કથન મુજબ બંગાળીના મૂળ કાવ્યની વસ્તુ સામગ્રી તો તેમાં ટાગોરનીજ છે. માત્ર આ રચનાના રસપ્રદ પ્રાગટ્ય માટે ''સહેજસાજ ટચીઝ'' આપવાનો પ્રયાસ મેઘાણીએ કર્યો છે. કોઇ મોટા ફેરફાર કર્યા નથી. (રવીન્દ્રવીણા : ઝવેરચંદ મેઘાણી : ગૂર્જર પ્રકાશન) પરંતુ આમ થવાના કારણે ગુરુદેવની ઉત્તમ રચનાઓ આપણે ગુજરાતીમાં આસ્વાદી શકીએ છીએ. ૧૯૪૪માં મેઘાણીએ રવીન્દ્રનાથના કાવ્ય 'કર્તવ્યગ્રહણલ્લ પરથી ઉતારેલું સુપ્રસિધ્ધ કાવ્ય ''કોડિયુંલ્લ આજે પણ તેની વ્યાપક પ્રખ્યાતીથી પ્રકાશિત છે.

'' અસ્ત જાતા રવિ પૂછતા અવનિને :
સારશો કોણ કર્તવ્ય મારાં ?
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભા સહુ
મોં પડ્યા સર્વના સાવ કાળાં.
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું :
મામુલી જેટલી મારી ત્રેવડ પ્રભુ !
એટલું સોંપજો તો કરીશ હું ''

કવિગુરુની દિવ્ય ચેતનાને વંદન કરવાનો આ અવસર છે. કાળની બલિહારી છે કે આપણી ધરતી ઉપર મહાત્મા ગાંધી તથા કવિવર ટાગોર જેવા દિગ્ગજો એક સાથે વિહરતા હતા. એક મહામાનવે સાહિત્યના ક્ષેત્રમાં જે કામ કર્યું તેમજ બીજાએ રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં જે કામ કર્યું તે આપણા ઈતિહાસનો ઉજળો ભાગ છે. સદાકાળ પ્રેરણા આપે તેવા ટાગોરના સાહિત્યને સમજવા તથા માણવા જેવું છે.

# મહાદેવ દેસાઈને ગાંધીજીનો પ્રશ્ન હું યે જાતનો આંબેડકર જ છું ના?



### ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

'મને તો વિલાયત ગયો ત્યાં સુધી ખબર નહોતી કે આ આંબેડકર અંત્યજ છે. હું તો માનતો હતો કે આ કોઈ બ્રાહ્મણ હશે. એને અંત્યજો માટે ખૂબ લાગેલું છે અને એ વધારે પડતી વાતો ઉકળીને કરે છે.' - આ શબ્દો આંબેડકર વિશેના છે એ તો સહેજે સ્પષ્ટ થાય છે પણ કોના? એ સ્ફૂટ થતું નથી. આંબેડકર સાહેબ વિશેના આ શબ્દો છે, મહાત્મા ગાંધીના.

(સંદર્ભ : 'મહાદેવભાઈની ડાયરી'ર પુસ્તક પહેલું, પાન - ૬૮)

જાણીતા ચિંતક અને કોલમિસ્ટ ગુણવંત શાહ ગાંધીએ કરેલી ડૉ. આંબેડકરની વાત સરળતાથી સમજાવતાં આ મુજબ વ્યક્ત થાય છે :

'મહાદેવભાઈએ જે તે દિવસે નોંધેલા આ શબ્દો ડૉ. આંબેડકરના અંતઃસ્વરુપને સમજવામાં અત્યંત ઉપયોગી છે. ગાંધીજીના મન પર યુવાન આંબેડકરની જે છાપ પડી તેમાં ત્રણ બાબતો મહત્ત્વની છે.'

૧. યુવાન આંબેડકર બ્રાહ્મણ હોવાની છાપ.
૨. યુવાન આંબેડકરને અંત્યજો માટે ખૂબ લાગેલું છે.
૩. યુવાન આંબેડકર વધારે પડતી ઉકળીને વાતો કરે છે.

- ગુણવંતભાઈ ત્રણે મુદ્દા ડૉ. આંબેડકરની પ્રતિભાને સમજવામાં ઉપકારત સાબિત થાય તેવા ગણાવે છે. તેઓ કહે છે 'વર્ણપ્રથા સાથે જોડાયેલા હઠીલા પૂર્વગ્રહોના એ જમાનામાં ગાંધીજી પર જે છાપ પડી તે સાવ અપ્રદૂષિત હતી. અને અપ્રદૂષિત હતી માટે સાચી હતી. હિંદુ ધર્મમાં જામી પડેલું ચાતુર્વણ્ય (વર્ણવ્યવસ્થા) ગીતાના મૂળ ઉપદેશથી ફંટાઈ ચૂકયું હતું. વર્ણપ્રથા જન્મકેન્દ્રી હોય ત્યારે એ ગીતાની વ્યાખ્યા મુજબ 'ગુણકર્મવિભાગશઃ' (અધ્યાય ૪, શ્લોક ૧૩) કયાંથી હોય? ડૉ. આંબેડકર ગીતાના મૂળ કથન પ્રમાણે 'બ્રાહ્મણ' ગણાવા જોઈતા હતા, પરંતુ હિંદુત્વ સાથે જોડાયેલી વર્ણગત જડતાને કારણે તેમ ન થયું.'

ગુણવંતભાઈએ પુનઃ ગાંધીએ આંબેડકર માટે કરેલી મુદ્દાસર વાતનો તંતુ સાંધતા લખ્યું છે, 'આંબેડકર જેવા બ્રાહ્મણ જણાતા યુવાનને અંત્યજો માટે ખૂબ લાગેલું છેલ્લ - એ વાત મહત્ત્વની છે અને 'એ બ્રાહ્મણ જણાતો યુવાન 'વધારે પડતી વાતો ઉકળીને કરે છેલ્લ એ ત્રીજો મુદ્દા બીજા નંબરના મુદ્દા સાથે આબાદ સંકળાયેલા છે.'

### મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર સામસામે નહીં સાથોસાથ હતા

ગુણવંતભાઈ ટૂંકમાં સ્પષ્ટ કરે છે કે ગાંધીજી એવી માન્યતા ધરાવતા હતા કે બ્રાહ્મણ જણાતા યુવાન આંબેડકરને અંત્યજો માટે ખૂબ લાગેલું છે. તેથી એ વધારે પડતી વાતો ઉકળીને કરે છે. પૂછવા જેવો પ્રશ્ન છે : શું આંબેડકર જેવા યુવાનો ગાંધીજીના મન પર બ્રાહ્મણ હોવાની છાપ પાડી તે શું કેવળ અકસ્માત હોઈ શકે? ગાંધીજી સંત હતા, પરંતુ કોઈથી ન છેતરાય એવા 'ચતુર' વાણિયા પણ હતા. એમના મન પર જે છાપ પડી તે સાવ સહજ હતી. એમ તેઓ સ્પષ્ટ કરે છે.(સંદર્ભ : સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ. બાબાસાહેબ આંબેડકર, લેખક કિશોર મકવાણાના પુસ્તકના આવકારમાં - ગુણવંત શાહ)

ગાંધીજી તો આખેઆખી ભગવદ્ગીતા પચાવીને અનાસક્તિ યોગના પ્રયોગવીર હતા. આઝાદ ભારતના પહેલવહેલા પ્રધાનમંડળમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સમાવેશ કરવો આવશ્યક છે એમ ગાંધીજીએ જ નહેરુને સુચવ્યું હતું. નહેરુના અંગત સચિવશ્રી મથાઈના લખાણ મુજબ સોહનલાલ શાસ્ત્રીના જણાવ્યા અનુસાર ગાંધીજીએ એવો વિચાર રજૂ કર્યો હતો કે આંબેડકરને જો પ્રધાનમંડળમાં લેવામાં આવે તો ભારતનું બંધારણ ઘડવાના કાર્યમાં તેમનાથી ચઢિયાતી વ્યક્તિ કોઈ નથી. જવાહરલાલે ગાંધીજીની હા માં હા ભણી હતી. (સંદર્ભ : નહેરુ યુગના સંસ્મરણો, એમ.ઓ. મથાઈ, પૃ.૩૫-૩૬)

મહાદેવ દેસાઈની એક નોંધમાં એવો ઉલ્લેખ છે કે ૧૯૩૨માં ગાંધીજીને યરવડા જેલમાં યુવાન આંબેડકર અનેકવાર મળવા ગયા હતા. જે દરમિયાન ગાંધીજીએ આંબેડકરને મળ્યા પછી એક દિવસ બાપુએ કહ્યું હતું, 'હું યે એક જાતનો આંબેડકર જ છું ના ?'

- આટલું નોંધ્યા પછી મહાદેવભાઈ તરત ઉમેરે છે : 'ઝનૂનીના અર્થમાં! અહીં એ સ્પષ્ટ થતું નથી કે મહાદેવભાઈ આ વાત કરે છે કે ગાંધીજી. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે અસ્પૃશ્યતા નિવારણ સાથે સામાજિક સમરસતા માટે યુવાન અને ઉકળીને વાત કરતા ને અંત્યજોનું જેમને લાગેલું છે તેવા ગાંધીને લાગતા 'બ્રાહ્મણલ્લ આંબેડકર અને 'હું એ જાતનો આંબેડકર જ છું ના? - એવો વિચાર વ્યક્ત કરતાં ગાંધીમાં અસ્પૃશ્યતાના અનિષ્ટ સામેનું ઝનૂન ડૉ. આંબેડકરના ઝનૂન કરતાં સહેજે ઓછું ન હતું.'

ગાંધીજીના દેહવિલય પછી કલમાપતિ ત્રિપાઠીએ ૧૯૪૮માં 'શ્રદ્ધાંજલિયાંલ્લ નામનું પુસ્તક પ્રગટ કર્યું હતું. જેમાં ડૉ. ભીમરાવ આંબેડકરે મહાત્મા ગાંધીને જ શ્રદ્ધાંજલિ આપી છે તેની પર નજર નાંખતા વાંચનારને ખ્યાલ આવી જશે કે ગાંધીજી અને ડૉ. આંબેડકર સામસામે નહીં, સાથોસાથ હતા. બાબાસાહેબ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતા લખે છે :

ગાંધીજી કો ખો કર, વસ્તુતઃ ભારતને
અપના બહુત કુછ ખો દિયા હૈ.
માનવતા કો ઉન પર ગર્વ થા
દલિતો ઔર પીડિતોં કા
એક સહારા ચલા ગયા
ઉનકા જીવન હી પરોપકાર કે લિયે થા,
વે ઉસી કે લિએ જિયે
ઔર ઉસી કે લિએ મરે.
ભારતીય રાજનીતિ કો ઉન કી દેન
અમર હૈ ઔર પ્રેરણાત્મક

(સાભાર : સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ. બાબાસાહેબ આંબેડકર,
લે - કિશોર મકવાણાના પુસ્તકના ગુણંવત શાહે લખેલા આવકારમાંથી, પૃષ્ઠ - ૭)